# @ મહિલા કૃષિ દિવસ @

તા.૦૬/૦૮/૨૦૧૯ ને મંગળવાર ના રોજ મહિલા કૃષિ દિનની ઉજવણી કિસાન માધ્યમિક વિદ્યાલય,લુણાવાડા ખાતે યોજાઈ ગઈ જેમાં શ્રીમતી સંગીતાબેન પારગી ના નેતૃત્વ હેઠળ આશરે ૧૪૪ છોકરીઓએ આ કાર્યક્રમ માં હાજરી આપી હતી.

કાર્યક્રમની શરૂઆતમાં શાળાના સુપરવાઈઝરશ્રી ડી.એચ.વણકર સાહેબશ્રીએ પ્રાસંગિક ઉદ્દબોધનમાં મહિલા સશક્તિકરણ અંગે વિદ્યાર્થીઓ જાગૃત થાય તેવું વક્તવ્ય આપ્યું હતું.ત્યારબાદ શાળાની વિદ્યાર્થીની પટેલ અર્ચીબેન.એ કૃષિલક્ષી યોજનાઓનું મૂલ્ય અને તેનાથી થતાં ફાયદાઓની વિસ્તૃત માહિતી સુંદર વક્તવ્ય ધ્વારા રજુ કરી સૌને મંત્રમુગ્ધ કરી દીધા હતા.

સોની તનુશ્રી પ્રકાશભાઈ અને પટેલ હેત્વી.એ પણ મહિલા સશક્તિકરણ અને મહિલા કૃષિ વિકાસ ના અનુસંધાનમાં હાલના સમયમાં કૃષિ વિજ્ઞાન નું મહત્વ અને તેનું મૂલ્ય ની માહિતી વિદ્યાર્થીઓને આપી હતી. તદ્ઉપરાંત, કૃષિ યુનિવર્સિટીઓ ક્યાં આવેલી છે અને તેમાં કયા કોર્ષ હોય છે તેનું સંપૂર્ણ માર્ગદર્શન વિદ્યાર્થીઓને આપવામાં આવ્યું હતું. તેમજ મહિલાઓને કૃષિલક્ષી પ્રવ્રુતિઓનું માર્ગદર્શન આપવામાં આવ્યું જેથી તેઓ પગભર બની શકે.

કૃષિ સંસોધન કેન્દ્રો,પશુપાલન ના વિવિધ કેન્દ્રોની માહિતી આપવામાં આવી હતી. જેથી વિદ્યાર્થીઓ પશુપાલન નું મહત્વ સમજી શકે અને તેનો અમલ પોતાના જીવન માં કરી શકે તે હેતુસર મહિલા કૃષિ દિનની ઉજવણી અમારી શાળામાં કરવામાં આવી હતી.

# @ મહિલા કૃષિ દિવસ @

